ગાંધીનગર સમાચાર

તા. ૭-૬-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### આપઘાત એ સમસ્યાનો ઉકેલ નથી

# કળિયુગના કાળોતરા સમા ડિપ્રેશનને નાથવાની જરૂર

સિને અભિનેત્રી જિયા ખાન ભરયુવાનીમાં પોતાના દુપટ્ટાથી પંખે લટકી પડી એ ઘટના રોજેરોજ એક યા બીજા નામે રિપીટ થતી હોઈ આપણને ભલે ઝાઝી આઘાતજનક ન લાગતી હોય, પરંતુ આ રીતે અડધે રસ્તે જિંદગીની સફર અટકાવી દેવાનો હક કોઈને પણ ન હોવો જોઈએ અને કળિયુગના કાળોતરા જેવા ડિપ્રેશનને કારણે થતાં આવાં અપમૃત્યુ રોકવા સમાજ તેમજ સરકારે 'પ્રો-ઍક્ટિવ' બની કંઈક નિર્ણાયક પગલાં ભરવાં જોઈએ એમ નથી લાગતું? માણસને જ કેમ, જીવ માત્રને એની જિંદગીથી વધારે વહાલું કંઈ જ ન હોઈ શકે. જીવન એ ઈશ્વરે જીવ માત્રને અર્પેલી અણમોલ ભેટ હોવાનું તમામ ધર્મશાસ્ત્રો સ્વીકારે છે. એને નદીની જેમ વહેવા દેવું જોઈએ. અધવચ્ચે એના પ્રવાહને ટૂંપાવી દેવો એ તો પાપ છે, ઈશ્વરની ઈચ્છા અને આજ્ઞા સામેનો વિદ્રોહ છે. જન્મ્યું તે જવાનું છે, પરંતુ એ માટે કુદરતે એક વણલખ્યો ક્રમ નિર્ધારિત કરેલો હોય છે. માણસ ઉંમરવશ થઈ મરે એનો અફસોસ ન હોય. બીમાર થઈને કે લડાઈ ઝઘડામાં, યુદ્ધના મેદાનમાં મરે એ પણ સમજી શકાય. જિંદગીનો પ્રવાસ કોઈ કારમા અકસ્માતથી અડધે રસ્તે આટોપાઈ જઈ શકે. પરંતુ માણસ જાતે જ પોતાનું જીવન ટૂંપાવે એ તો સૃષ્ટિની સૌથી કરુણ વિડંબના જ ગણાય. હિંદુ શાસ્ત્રોમાં આપઘાત કરનારના સાતેય અવતાર અધૂરા જતા હોવાની માન્યતા છે. પરંતુ છતાં આપઘાત કરનારા તો કરે જ છે. એમાં ક્યાંય એમને ધર્મ, જાતિ, કોમ કે દેશ-પ્રદેશના કાયદાકાનૂન અને સંસ્કારો નડતા નથી. આપણે ત્યાં આપઘાત એ ગુનો ગણાય છે. પરંતુ એ ગુનેગારને સરકાર કોઈ સજા કરી શકતી નથી. હા, એને મળવાપાત્ર જીવનવીમા જેવા લાભ જરૂર અટકાવાય છે. પરંતુ આપઘાતએ સમસ્યાનો કોઈ આખરી ઉકેલ ન જ હોઈ શકે. મરનાર એને પોતાની તમામ વિટંબણાઓના છેલ્લા, રામબાણ ઉપાય તરીકે યુવાન વયે વિજાતીય આકર્ષણ અને પ્રેમમાં ચડાવ-ઉતાર થવાથી હતાશા અનુભવી ઘણાં પ્રેમીઓ મોત વહાલું કરતાં હોય છે. 'આપ મૂએ ફિર ડૂબ ગઈ દુનિયા'- એ ન્યાયે મરનાર એના પૂરતો આધિ-વ્યાધિ- ઉપાધિના ત્રિવિધ તાપથી છૂટ જતો હોય છે. પરંતુ એની પાછળ અનેક પ્રશ્નો મૂકતો જાય છે. સવિશેષ આ આપઘાત કરનાર વર્ગમાં કલાકારો, બૌદ્ધિકો, સાહિત્યકારો અને ચિંતનશીલ વ્યક્તિઓનો સમાવેશ થાય છે. સ્ત્રીઓ સવિશેષ સંવેદનશીલ હોવાના કારણે જીવનનો અંત આણવા જેવો અઘરો નિર્ણય બહુ સહેલાઈથી લઈ લેતી હોય છે, મૂંઝવણનો કોઈ જ ઉકેલ દેખાતો નથી ત્યારે એ આ વસમી જિંદગીનો સાથ છોડી પલાયનનો વિકલ્પ સ્વીકારતો હોય છે. મરનાર માટે મૃત્યુ એ એની તમામ સમસ્યાઓનો આખરી ઉપાય બની રહેતો હોય છે. મધ્યકાલીન યુગમાં આતતાયીઓના જુલ્મોસિતમથી બચવા રાજપૂત રાજઘરાનાઓની સ્ત્રીઓ સામૂહિક જૌહરનો માર્ગ અપનાવતી હતી. આ સામૂહિક આત્મહત્યા એ સ્વૈચ્છિક મૃત્યુનો ગૌરવપૂર્ણ વિકલ્પ ગણાતો. આજે પણ જૈન સાધુઓ સંથારો લઈ જીવનમુક્ત થવાનો માર્ગ અપનાવે છે અને એની મોટાપાયે ઉજવણી થતી હોય છે. જો કે આ રીતે અન્નજળ ત્યજી ધીમા મોતે મરવું એ પણ આપઘાત જ ગણાય પરંતુ ધર્મના કવચ હેઠળ આવા સ્વેચ્છામૃત્યુને ગરિમાપૂર્ણ ગણી એને મહિમામંડિત કરાતું રહ્યું છે.

આત્મહત્યા પાછળનાં મૂળ કારણોનું વિશ્લેષણ કરતાં 'ડિપ્રેશન' અર્થાત્ હતાશા એ પૈકી સૌથી મોખરે આવે છે. વિશ્વમાં- માનવીના મૃત્યુનાં ચાર મુખ્ય કારણ જોવા મળે છે. હૃદયરોગ, ડિપ્રેશન, કૅન્સર અને માર્ગ અકસ્માત. 'ડિપ્રેશન'ને કારણે કરાતા આપઘાતનું પ્રમાણ સતત વધતું રહ્યું છે. આ ડિપ્રેશનની સ્થિતિ વિવિધ પ્રકારના તનાવ (સ્ટ્રેસ)ને કારણે સરજાતી હોય છે. અગાઉ કૅન્સર બીજા ક્રમે હતું, જેનું સ્થાન છેલ્લાં સર્વેક્ષણોમાં ડિપ્રેશનથી થતા આપઘાતોએ પચાવી પાડ્યું છે. આર્થિક વિટંબણા, બેઈજ્જતી થવાનો ભય, વધુ પડતી અપેક્ષા નહીં સંતોષાતાં આવેલી હતાશા વગેરે કારણોસર માણસ આપઘાત કરવા પ્રેરાય છે. આ માનસિક બીમારીનું વેળાસર નિદાન થાય તો યોગ્ય ઉપચાર અને કાઉન્સેલિંગ દ્વારા એને અટકાવી- મટાડી શકાય છે. એ માટે જરૂરી છે પરિવારની હૂંફ, સમાજની ઉદારતા અને સ્વીકૃતિ. અનેક મૂલ્યવાન જિંદગીઓને અધવચ્ચે આથમતી અટકાવવા માટે બહુઆયામી પ્રયાસો હાથ ધરવાની તાતી જરૂર છે.

# શાળા પ્રવેશોત્સવ સંદર્ભે મુખ્યમંત્રીએ ટેલી કોન્ફરન્સથી અધિકારીઓને માર્ગદર્શન આપ્યું

### ૧૩મીથી રાજ્યમાં ત્રણ દિવસ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ આરંભાશે

ગાંધીનગર, તા. ૬

રાજ્યમાં ૧૦મી જૂનથી નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવતા શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા બે તબક્કામાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ હાથ ધરવામાં આવનાર છે. પ્રથમ તબક્કામાં તા. ૧૩ થી ૧૫ દરમ્યાન રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાશે ત્યારબાદ ૨૦મીથી ત્રણ દિવસ શહેરી વિસ્તારોમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ યોજાશે.

સચિવાલય સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આજે સાંજે રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી મંત્રીઓ અને સનદી અધિકારીઓ આઈપીએસ અધિકારીઓ અને આઈએફએસ અધિકારીઓને ટેલીકોન્ફરન્સથી શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ અંગેની રૂપરેખા આપીને માર્ગદર્શન આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમ માટે રાજ્યના સનદી અધિકારીઓ આઈપીએસ અધિકારીઓ અને આઈએફએસ અધિકારીઓને કામગીરી સોંપવામાં આવી છે. આ અધિકારીઓને તાલુકાઓ સોંપવામાં આવ્યા છે. જ્યાં ત્રણ દિવસનું રોકાણ કરીને ગામોમાં આવેલી પ્રાથમિક શાઓમાં અને આંગણવાડીઓમાં શાળા પ્રવેશ આપવાના રહેશે. સાથોસાથ આ અધિકારીઓએ શાળા પ્રવેશોત્સવ દરમ્યાન કેવો પ્રતિભાવ મળ્યો કેટલા બાળકોને પ્રવેશો આપવામાં આવ્યા એ અંગેના આંકડાઓ સાથેનો અહેવાલ રાજ્ય સરકારને સુપરત કરવાનો રહેશે.

શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની સાથોસાથ ગુણોત્સવનો કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં અધિકારીઓએ શાળાઓમાં અભ્યાસ કરતાં બાળકોના જ્ઞાનનું મુલ્યાંકન કરવાનું રહેશે અને શાળામાં અપાતા શિક્ષણનું સ્તર વધુ ઉંચુ લાવવા માટેના સૂચનો પણ કરવાના રહેશે.

જૂન માસમાં બે તબક્કામાં શાળા પ્રવેશોત્સવ અને ગુણોત્સવનો કાર્યક્રમ હાથ ધરવામાં આવ્યા બાદ જુલાઈ માસમાં શાળા આરોગ્ય ચકાસણીનો કાર્યક્રમ પણ હાથ ધરવામાં આવનાર છે.

મંત્રીઓ અને સનદી અધિકારીઓ આગામી સપ્તાહે ત્રણ દિવસ માટે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં જિલ્લાના પ્રવાસે જનાર હોઈ સચિવાલયમાં મંત્રી કાર્યાલયો સૂમસામ ભાસશે.



ક્રિકેટમાં ખેલાડી અને સટ્ટાબાજો ભેગા થઈને ફિક્સીંગકરે છે, જેલર અને કેદી ભેગા થઈને ફિક્સીંગકરે છે અને હવે ચૂંટણીમાં વિરોધ પક્ષો ભેગા થઈ ગયા... તો શું આપણે આવું ફિક્સીંગ કરી શાંતિથી ન રહી શકીએ ?

# ડિપ્લોમા ઈજનેરીમાં પ્રવેશ કાર્યક્રમ ૧૦મી સુધી જાહેર

### રાજ્યની કુલ ૧૨૬ ડિપ્લોમા કોલેજોની ૬૬,૦૦૦ બેઠકો માટે પ્રવેશ પ્રક્રિયા હાથ ધરાશે : નિયમો પણ જાહેર થશે

અમદાવાદ, તા.૬

ધોરણ-૧૦ની પરીક્ષાનું પરીણામ હવે ગણતરીના દિવસોમાં જાહેર થવાનું છે. ત્યારે ડિપ્લોમા ઈજનેરીના અભ્યાસક્રમમાં પ્રવેશ ઉત્સુક વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ પ્રવેશ કાર્યક્રમના જાહેરાતની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છે. ત્યારે ડિપ્લોમા ઈજનેરી શાખાની કોલેજોમાં પ્રવેશ માટેનો પ્રવેશ કાર્યક્રમ તેમજ પ્રવેશ અંગેના નિયમોની જાહેરાત ૧૦મી જુન આસપાસ કરાય તેવી શક્યતા છે.

પ્રાપ્ત થતી માહિતી બાદ ધોરણ-૧૦નું પરીણામ જાહેર થવાને હવે ગણતરીના દિવસો બાકી છે. આ પરીણામ જાહેર થયા તેના બીજા જ દિવસે રાજ્યની ૧૨૬ જેટલી ડિપ્લોમા ઈજનેરી કોલેજોમાં પ્રવેશ માટેની પ્રવેશ પ્રક્રિયા ધ એડમિશન કમીટી ફોર પ્રોફેશનલ ડિપ્લોમા કોર્સીસ દ્વારા ઓનલાઈન હાથ ધરવામાં આવનારી છે. જે પહેલા આગામી ૧૦ જુન સુધી પ્રવેશ સમિતી દ્વારા પ્રવેશ કાર્યક્રમની વિસ્તૃત વિગતો જાહેર કરવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત આજ દિવસે ડિપ્લોમા ઈજનેરીના કોર્સમાં પ્રવેશ માટેના પ્રવેશ નિયમોની પણ જાહેરાત કરવામાં આવે તેવું માનવામાં આવી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં આવેલ ૧૨૬ જેટલી ડિપ્લોમા ઈજનેરી શાખાની કોલેજોની ૬૬,૦૦૦થી વધુ બેઠકો ઉપર આ વર્ષે પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવનારી છે.

# ૮૫ ટકા સીટ ઉપર ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓને પ્રવેશ

### મેડીકલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે સીબીએસઈ તેમજ ગુજરાત બોર્ડનું જુદુ જુદુ મેરીટ લીસ્ટ બનાવવાનો નિર્ણય

અમદાવાદ, તા.૬

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી રાજ્યની મેડીકલ અને ડેન્ટલ કોલેજોમાં પ્રવેશ માટે કોમન મેરીટ લીસ્ટના નિર્ણયને અંત રદ કરવાનો રાજ્ય સરકારે નિર્ણય કરતા વિદ્યાર્થીઓમાં આનંદનું માહોલ સર્જાયો છે. હવે સીબીએસઈ અને ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓને મેડીકલ અને ડેન્ટલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે અલગ અલગ મેરીટ લીસ્ટ બનશે. જેમાં ૮૫ ટકા બેઠકો ઉપર ગુજરાત બોર્ડના અને ૧૫ ટકા બેઠકો ઉપર સીબીએસઈ બોર્ડના વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહ પછી મેડીકલ અને ડેન્ટલ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે સર્જાયેલ વિવાદનો અંત આવ્યો છે. રાજ્ય સરકારે ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા સીબીએસઈ બોર્ડના વિદ્યાર્થીઓને અલગ અલગ મેરીટ લીસ્ટના આધારે મેડીકલ અને ડેન્ટલમાં કોલેજોમાં પ્રવેશ ફાળવવામાં આવશે જેમાં કુલ બેઠકોમાંથી ૮૫ ટકા બેઠકો ઉપર ગુજરાત શિક્ષણ બોર્ડના વિદ્યાર્થીઓનો પ્રવેશ ફાળવવામાં આવશે. જ્યારે ૧૫ ટકા બેઠકો ઉપર સીબીએસઈ બોર્ડના વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવશે.

રાજ્ય સરકારના આ નિર્ણયથી વિદ્યાર્થીઓ અને વાલીઓમાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે પ્રવેશ સમિતી દ્વારા પહેલા ગુજરાત બોર્ડ અને સીબીએસઈ બોર્ડના વિદ્યાર્થીઓને કોમન મેરીટ લીસ્ટના આધારે મેડીકલ અને ડેન્ટલ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપવાનો નિર્ણય કરાયો હતો. જેનાં કારણે રાજ્યનાં વિદ્યાર્થીઓને અન્યાય થતો હોવાની આશંકાને પગલે વાલીઓ દ્વારા ઉગ્ર વિરોધ સાથે સરકારમાં રજુઆત કરાઈ હતી. વાલીઓની રજુઆતને ધ્યાનમાં રાખી રાજ્ય સરકાર બંને બોર્ડના અલગ અલગ મેરીટ લીસ્ટ બનાવવાનો નિર્ણય કરાયો છે.

# સદ્ભાવના પર્વમાં ગાંધીનગરના સર્જકો-ચિંતકો ભાગ લઈ રહ્યા છે

ગાંધીનગર, તા. ૬

**મહુવામાં પૂ. મોરારીબાપુની નિશ્રામાં શરૂ થયેલા સદ્ભાવના પર્વમાં વિચારોની આપ-લે કરવા ગાંધીનગરના સર્જકો-ચિંતકો પણ પહોંચી રહ્યા છે.**

**મહુવા ખાતે શરૂ થયેલા સદ્ભાવના પર્વમાં રાજ્યભરના ચિંતકો-સર્જકોની સાથે ગાંધીનગરના ચિંતકો-સર્જકો પણ જોડાયા છે. શહેરના અગ્રણીઓ સર્વશ્રી કિશોર જીકાદરા, આર.ડી. વોરા, સુધીર દેસાઈ, કેશુભાઈ ઘાસવાલા, ભાનુભાઈ પુરાણી, ભીખાભાઈ અમીન, મિલન સિંધવ, જયશ્રી ખેતિયા અને લીના મહેતા સદ્ભાવના પર્વમાં ઉપસ્થિત રહી ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.**

# નીટના પરિણામમાં ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજનું ૮૧.૨૫ ટકા પરિણામ

ગાંધીનગર, તા. ૬

**સી.બી.એસ.ઈ. દ્વારા મે-૨૦૧૩માં યોજાયેલી નીટની પરીક્ષામાં ગાંધીનગરની ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજનું ૮૧.૨૫ ટકા પરિણામ આવ્યું છે.**

**શાળાના ૮૦ વિદ્યાર્થીઓમાંથી ૬૫ વિદ્યાર્થીઓ મેડીકલ પ્રવેશ માટે લાયક બન્યા છે. શાળાના મૌલિક પ્રજાપતિએ ૭૨૦ ગુણમાંથી ૪૭૬ ગુણ મેળવી ૯૮.૯૦ પર્સન્ટાઈલ પ્રાપ્ત કર્યા છે.**

**શાળાના આચાર્ય ડૉ. પ્રદીપ ગગલાણી અને સંચાલક મંડળ તેમજ શાળા પરિવારે સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે.**

## બ્રહ્મસમાજનું ગૌરવ

ગાંધીનગર, તા. ૬

કુ.ઝરણા કમલેશભાઈ રાવલ



તાજેતરમાં પ્રગટ થયેલ ધોરણ-૧૨ના કોમર્સ પ્રવાહમાં (૭૯.૪૦ ટકા) ૯૮.૧૫ પર્સન્ટાઈલ રેન્ક મેળવી ઉત્તીર્ણય થયેલ છે. જે બદલ બ્રહ્મસમાજ અભિનંદન પાઠવે છે.

# સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ દ્વારા મફત નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૬

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા મફત નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ સેવા ટ્રસ્ટ દ્વારા હરસ-મસા, ભગંદર તથા દાંત અને પેઢાના તમામ પ્રકારના રોગો માટે મફત નિદાન કેમ્પનું આયોજન તા. ૯મી જૂન ૨૦૧૩ને રવિવારના સવારે ૯ થી ૧ દરમિયાન મહાલક્ષ્મી શોપીંગ, પેથાપુર ચાર રસ્તા પાસે કરવામાં આવ્યું છે. કેમ્પમાં તબીબી સેવા ડૉ. એકતાબેન પટેલ અને ડૉ. કૃણાલ પંડયા આપશે તેમજ આ રોગોના ઓપરેશનો રાહત દરે કરી આપવામાં આવશે. સૌ જાહેર જનતાને કેમ્પનો લાભ લેવા સંસ્થા દ્વારા જણાવાયું છે.

## આજે સુંદરકાંડના પાઠ

ગાંધીનગર, તા. ૬

**ગાંધીનગર જિલ્લાના કોબા ગામે આવેલી ઊર્જાનગર સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાછળ ગિરીશભાઈના નિવાસસ્થાને આજે તા. ૭મી જૂન-૨૦૧૩ને રાત્રે ૮.૩૦ કલાકે સુંદરકાંડના પાઠનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે યોજાનાર સુંદરકાંડના પાઠમાં સૌ ભક્તજનોને ઉપસ્થિત રહેવા નિમંત્રણ પાઠવ્યું છે.**

# રૂપેરી પડદા સાથે રંગભૂમિ ઉપર પણ અદાકારીનાં અજવાળાં પાથરતા અભિનેતા : નીલેશ મિસ્ત્રી

## કેફિયત કલા સાધકની

આશા સરવૈયા



ગાંધીનગરની શેઠ.સી.એમ. હાઈસ્કૂલમાં ભણતો એક દેખાવડો યુવક ખુબ જ શરમાળ પ્રકૃતિ, કોઈ પ્રવૃત્તિમાં ભાગ ન લેવો અને ભણવું એ જ ધ્યેય વાળો. પણ એ દરમિયાન એટલે કે ૧૯૯૩માં શાહરૂખાનની ફિલ્મ ''બાઝીગર'' રજુ થઈ આ ફિલ્મથી છવાઈ ગયેલ શાહરૂખ ખાન જેવા દેખાતા આ યુવકને મિત્રો અને શુભેચ્છોએ પ્રેરણા આપી પ્રોત્સાહિત કર્યો કે તું પણ શાહરૂખ બની શકે છે. આ ગુજરાતી ફિલ્મોનાં ''હારકર જીતને વાલે કો બાજીગર કહેતે હૈ'' બાઝીગર જેમણે અનેક ગુજરાતી ફિલ્મોમાં વિલનની ભૂમિકા ભજવી છે તે છે આપણાં ગાંધીનગરના યુવાન કલાકાર નીલેશ બાલગોપાલ મિસ્ત્રી.

૧૯૭૪માં જન્મેલા નીલેશભાઈનું વતન વડાલી, જિ. સાબરકાંઠા. પિતા - બાલગોપાલ અંબાલાલ સુથાર, માતા - શારદાબેન. સરકારી નોકરીના કારણે બાલગોપાલભાઈનું કુટુંબ ૧૯૭૦ થી જ ગાંધીનગર સ્થાયી થયું. નીલેષભાઈન શેઠ સી.એમ.ના શાળાભ્યાસ બાદ કૉલેજ અભ્યાસ ચેન્નાઈ ખાતે જ્યાં નીલેષે બીઝનેશ એડમીનીસ્ટ્રેશનનો અભ્યાસ કર્યો.

૧૯૯૩માં ફિલ્મ 'બાઝીગર' રિલીઝ થઈ અને મિત્રોની પ્રેરણા સાથે મનમાં પણ અભિનય ક્ષેત્રે ઝંપલાવવાની લાગણી ઉદ્ભવવા લાગી કે હું પણ ટીવીમાં કે ફિલ્મોમાં કામ કરૂં! એક બાજુ નીલેશને આ માટે આશાઓ બંધાતી તો બીજી બાજુ તેને લાગતું કે આ બધું શક્ય છે?

આવી દ્વિધાઓ છતાં આશા અને અરમાનથી ભરેલાં નીલેશને ૧૯૯૯માં સેક્ટર-૨૧ની શાકમાર્કેટમાં શાળામાં સાથે ભણતી એક મિત્ર દસેક વર્ષ પછી મળી ગઈ... અને નસીબે ટકોરા માર્યા... મિત્રએ પૂછ્યું, બોલ નીલેશ, તું ફિલ્મ લાઈનમાં આવીશ? અને ૧૯૯૩માં ''મા તારા હૈયામાં હેત'' ગુજરાતી ફિલ્મમાં સેકન્ડ હિરો તરીકેની ભૂમિકા ભજવીને ફિલ્મ લાઈમાં નીલેશે પ્રવેશ કર્યો. આ ફિલ્મમાં અરવિંદ ત્રિવેદી (લંકેશ), સુધા ચંદ્રન, ફિરોઝ ઈરાની, રમેશ મહેતા, રજની બાળા જેવા પીઠ કલાકારો સાથે કામ કરવાનું મળ્યું હોવાથી ફિલ્મ કારકિર્દીની શુભ શરૂઆત થઈ અને પોતાની લાગણીઓ અને આકાંક્ષા ફળીભૂત થઈ. શરૂઆતમાં પિતાજીની આ બાબતે ના મરજી છતાં માતા શારદાબેનના ખાનગી સહકાર વડે આ લાઈનમાં આગળ વધવાનું નક્કી કર્યું.

૨૦૦૧માં ગુજરાતમાં આવેલા ભયાનક ભૂકંપ પર 'ભૂકંપ-ગુજરાત-૨૦૦૧' ફિલ્મમાં મુખ્ય હિરોની ભૂમિકા મળી અને નીલેશભાઈની અભિનય સફરને વેગ મળ્યો. ભૂકંપ-ગુજરાત-૨૦૦૧' ફિલ્મે ગુજરાતમાં તો રેકોર્ડ કર્યો જ પરંતુ લંડનમાં પણ આ ફિલ્મે સીલ્વર જ્યુબીલી ઉજવી હતી. ગાંધીનગરના જ સિનિયર કલાકાર હીના ઉપાધ્યાયે પણ આ ફિલ્મમાં અભિનય આપ્યો હતો. ૨૦૦૨માં ફિલ્મ જગતમાં જ કેરિયર બનાવવા ઈચ્છતા નીલેશભાઈએ મુંબઈ ખાથે રોશન તનેજા (ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝના ગોડફાધર) પાસેથી અભિનયની એક વર્ષની તાલીમ લીધી. અત્રે ઉલ્લેખનીય છે કે, જયા ભાદુરી, સુભાષ ઘાઈ, ડેની ડેન્ઝોપ્પા, અભિષેક બચ્ચન વિ. એ રોશનજી પાસેથી જ અભિનયની તાલીમ મેળવી છે.

મુંબઈ તાલીમ દરમિયાન નીલેશભાઈના આકર્ષક દેખાવ, અભિનય ક્ષમતા અને કામ પ્રત્યેની નિષ્ઠાના કારણે આલ્બમોમાં કામ કરવાની પણ તક મળી. ૨૦૦૪થી આલ્બમોનો ટ્રેન્ડ શરૂ થયો. અને ખૂબ જાણીતા ગાયિકા ફાલ્ગુની પાઠકનાં 'ઝાંઝરીયા'માં નીલેશભાઈએ અભિનય આપીને આલ્બમમાં અભિનય આપવાના શ્રીગણેશ કર્યા. ત્યારબાદ ગુલશન કુમારના ટી-સીરીઝનાં લગભગ ૫૦ જેટલાં આલ્બમોમાં અભિનય આપીને નીલેશભાઈએ રેકોર્ડ કર્યો છે. ગુલશન કુમારના અનેક હિન્દી અને ગુજરાતી ગીતોના આલ્બમો પણ નીલેશભાઈ કર્યાં છે. તેમના ખુબ જાણીતા આલ્બમોમાં 'માનું લહેરીયુ,' 'ગવૈયો, ઘાયલ દિલ, હીરાવાળાનો સનેડો,' 'મા મેલડી' વિ. છે. નીલેશભાઈએ રૂપેરી પરદાની સાથે સાથે રંગભૂમિ પર પણ અદાકારીના કામણ પાથર્યા છે. જાણીતા દિગ્દર્શન હરિન પાઠકના અનેક નાટકોમાં અભિનય આપ્યો છે. તેમાં પણ 'પ્રેમમાં પેન્શન તો પછી શેનું ટેન્શન' - આ ભરપૂર કોમેડી નાટકમાં નીલેશભાઈનાં સુપરડુપર અભિનયથી નાટકની રજૂઆત દરમિયાન હાસ્યનું હુલ્લડ મચી જતું. દિગ્દર્શક ભરત વ્યાસના 'મા-બાપને ભૂલશો નહિ', 'મહાકાલ', વિ. નાટકોમાં પણ નીલેશભાઈએ અભિનય આપ્યો છે. 'મા-બાપને ભૂલશો નહી' નાટકના ગુજરાત સ્થાપના દિન નિમિત્તે ગાંધીનગર તેમજ સમગ્ર ગુજરાતમાં આનેક શો થયો હતા.

ગાંધીનગરના વતની નીલેશભાઈને ગાંધીનગરના જ પીઠ કલાકાર અપ્સર સૈયદ, ઈમ્તિયાઝ શેખ, હીના ઉપાધ્યાય, યોગેસ ત્રિવેદી, કુંપલ દવે વિ. ના સતત સાથ-સહકાર અને માર્ગદર્શનને કારણે તેઓ એક બાહોશ અકાકાર બની શક્યા છે.

નીલેશભાઈના આ ઉપરાંત અનેક જાહેરાતોમાં પણ પરદા ઉપર ચમક્યા છે. 'ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લીક સ્કૂલ'ની જાહેરાતથી (ટી.વી.નાં માધ્યમથી) તેઓ ગાંધીનગરના ઘર ઘરમાં જાણીતા બન્યાં છે. 'સ્ટાર પ્લસ' જેવી જાણીતી ચેનલ પર આવતી 'એશિયન ગ્રેનાઈટો', રોલેક્ષ પેન, યમુના લુબ્રીકન્ટ્સ, અને 'ગજાનંદ મસાલા' જેવી જાહેરાતોમાં મોડેલ તરીકે કામ કરીને નીલેશભાઈએ સમગ્ર દેશમાં ગાંધીનગરનું નામ ચમકાવી દીધું છે.

૨૦૦૧માં મુંબઈથી અભિનયની તાલીમ મેળવી આવેલા નીલેશભાઈએ ગાંધીનગરમાં 'નટરાજ એક્ટીંગ એકેડેમી'ની સ્થાપના કરી. જેમાં અનેક ઉગતા કલાકારોને તેમણે તાલીમ આપી. તે જ સમયે દૂરદર્શન પરથી પ્રસારિત ગુજરાતી જાણીતી શ્રેણી 'એક ડાળના પંખી' માં જાણીતા કલાકાર ઠક્કરના સહકાર વડે ભૂમિકા મળી. ખુબ જાણીતી બનેલી આ શ્રેણીમાં ચોકસી કુટુંબના 'અનિલ'નું પાત્ર ભજવતા નીલેશભાઈ ટી.વી. ક્ષેત્રે પણ વ્યસ્ત બની ગયા. અનેક ગુજરાતી સિરીયલોમાં પણ તેમણે અભિનય આપ્યો છે. આ ઉપરાંત અનેક દસ્તાવેજી ફિલ્મોમાં પણ નીલેશભાઈએ અભિનય આપ્યો છે. ગાંધીનગરના દિગ્દર્શક અપ્સર સૈયદની તમામ ડોક્યુમેન્ટરી ફિલ્મોમાં હીરો તરીકે નીલેશભાઈ જ હોય ! ભગવાન શ્રીકૃષ્ણની ભૂમિકા ભજવવાની એક સિરીયલમાં ઓફર આવી. નીલેશભાઈએ વિચાર્યું કે આ રોલ ભજવીશ પછી દરેકમાં આવો જ રોલ મળશે. પરંતુ શ્રીકૃષ્ણ પ્રત્યેની આસ્થા અને શ્રધ્ધા કે ભગવાનની કૃપા કહો 'સંત રોહિદાસ'માં શ્રીકૃષ્ણની ભૂમિકા નીલેશભાઈએ ભજવી અને 'નારાયણનું નામ જ લેતા... એવા તારે તેવા તરીએ રે...' આ ભૂમિકાએ નીલેશભાઈને ખૂબ સફળતા અપાવી.

અભિનય એમને કુદરતી વારસામાં મળ્યો છે. સૃષ્ટિના જન્મ લેનાર



દરેક મનુષ્યમાં કુદરતે કોઈક ખાસિયત બક્ષી હોય છે. અભિનયની ખાસિયતથી બહુધા સફળ રહેલા નિલેશભાઈ પછી તો ગુજરાતી ફિલ્મોમાં પોતાની કલાના કામણ પાથરવા લાગ્યા. અને ખલનાયકની નેગેટીવ ભૂમિકા ભજવવામાં નોંધપાત્ર સફળતા મેળવી છેલ્લા પંદર વર્ષોથી ફિલ્મ ઉદ્યોગમાં પોતાનું આગલું સ્થાન બનાવી ચુકેલા નીલેશભાઈએ 'મેં તો ઓઢી ચુંદલડી તારા નામની, મારા મન છોગાળા ઢોલા, વાગી કાળજે કટારી તારા પ્રેમની, મા ચામુંડા રાખજે મારી ચુંદડીની લાજ, દલડું લીધું કારતકના મેળામાં 'વિ. જેવી ફિલ્મોમાં મુખ્ય વીલનની ભૂમિકા ભજવી છે. ગુજરાતી ફિલ્મના સુપર સ્ટાર નરેશ કનોનિયા, હિતુ કનોડીયા, વિક્રમ ઠાકોર, ભૂમિકાઓ ભજવીને દિગ્ગદ કલાકરા તરીકે નિલેશભાઈ એ નામના મેળવી છે.''

નીલેશભાઈએ હિન્દી ચલચિત્ર જગતમાં પણ પ્રદાન કર્યું છે. ત્રણ જેટલી હિન્દી ફિલ્મોમાં ચમકેલા નીલેશ બિરજે, કિશોર ભાનુશાલી, શેફાલી વિ. મોટા ગજાના કલાકારો સાથે કામ કર્યું છે.

ગુજરાતને ગૌરવ અપાવનાર નીલેશભાઈએ અનેક રાજસ્થાની ફિલ્મોમાં પણ મુખ્ય નાયક તરીકે અભિનય આપ્યો છે. રસીયા બાલમ, બાબા રામદેવ, રાજા ભરથરી, કીરપા કરો બાબા રામદેવ, થાને નૈણા મેં બસાલું' જેવી સુપર ડુપર હીટ ફિલ્મો આપીને ચલચિત્ર જગતમાં ડંકો વગાડી દીધો છે. ૧૯૯૫માં નીલેશભાઈના અલ્પાબેન સાથે લગ્ન થયા. તેમના જીવન અને કારકિર્દીની સફળતામાં માતા-પિતાના આશીર્વાદ અને પ્રેમાળ પત્નીની પ્રેરણાએ જ બળ પુરૂં પાડ્યું છે. નીલેશભાઈના પુત્ર નીલ અને પુત્રી ઝીલ બંને શાળામાં અનેક કલાકૃતિઓમાં ભાગ લે છે. પુત્ર નીલ ગુજરાતીમાં ફિલ્મ 'અનાથ બાળક'નો રોલ ભજવીને જબરી ચાહના મેળવી હતી.

દક્ષિણ ભારતની ફિલ્મોમાં ટૂંક સમયમાં ચમકનારા નીલેશભાઈની ગુજરાતી ફિલ્મ 'માયાવી માણીગર' રિલીઝ થવાની છે. માયાવી માણીગરની સફળતા સાથે સદાય ચાહકવર્ગના હૃદયમાં વસો એવી સૌ ગાંધીનગરવાસીઓ તરફથી નીલેશભાઈને શુભેચ્છાઓ...